




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-50 ■ તા. 28-12-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### તિરુવનંતપુરમમાં વી વી રાજેશને ૧૦૦માંથી ૫૧ વોટ

# કેરળમાં ભાજપે રચ્યો ઈતિહાસ, પ્રથમવાર મેયર પદ કબજે કર્યું



## ભાજપના વરિષ્ઠ નેતા વી.વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાઈ આવ્યા છે

થિરૂવનંતપૂરમ્ ,

કેરળના રાજકારણમાં શુક્રવારે એક નવો સૂર્યોદય થયો છે. દાયકાઓથી ડાબેરીઓ અને કોંગ્રેસના વર્ચસ્વવાળા આ રાજ્યમાં ભાજપે ઈતિહાસ રચી દીધો છે. ભાજપના વરિષ્ઠ નેતા વી.વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાયા છે. શુક્રવારે સવારે યોજાયેલી મેયરની ચૂંટણીમાં ૪૫ વર્ષીય વી.વી. રાજેશને કુલ ૫૧ મતો મળ્યા હતા, જેની સાથે જ ૧૦૦ સભ્યોની હાજરીવાળા ગૃહમાં ભાજપે બહુમતી માટે જરૂરી આંકડો સફળતાપૂર્વક મેળવી લીધો હતો. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને એક અપક્ષ કાઉન્સિલર એમ. રાધાકૃષ્ણનનું પણ મહત્ત્વનું સમર્થન પ્રાપ્ત થયું હતું.

મતોના સમીકરણ પર નજર કરીએ તો, ભાજપના વી.વી. રાજેશને ૫૧ મત મળ્યા હતા, જ્યારે તેમની સામે લડી રહેલા CPIMના આર.પી. શિવાજીને ૨૯ અને કોંગ્રેસ પ્રેરિત UDFના ઉમેદવાર કે.એસ. સબરિનાથનને માત્ર ૧૯ મતોથી સંતોષ માનવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બરની શરૂઆતમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપે ૧૦૦ માંથી ૫૦ બેઠકો જીતીને અગાઉથી જ પોતાની મજબૂત પકડ સાબિત કરી દીધી હતી. આ જીત ભાજપ માટે માત્ર એક શહેરની સત્તા નથી, પરંતુ એક મોટી વિચારધારાની જીત માનવામાં આવે છે. છેલ્લા ૪૫ વર્ષોથી તિરુવનંતપુરમ નગર નિગમ પર CPM(ડાબેરીઓ)નો કબજો હતો. ભાજપે આ પરંપરાને તોડીને દક્ષિણ ભારતમાં પોતાની શક્તિનો પરિચય આપ્યો છે. કેરળ ભાજપ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખરે આક્ષેપ કર્યો હતો કે પાછલા શાસનમાં નિગમ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયું હતું અને પાયાની સુવિધાઓ જેવી કે કચરા વ્યવસ્થાપન અને પાણીના મુદ્દે શહેર પાછળ ધકેલાઈ ગયું હતું. પદ સંભાળ્યા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં વી.વી. રાજેશે જણાવ્યું કે, અમે સૌને સાથે લઈને આગળ વધીશું. શહેરના તમામ ૧૦૧ વોર્ડમાં સમાન વિકાસ કરવામાં આવશે. અમારું લક્ષ્ય તિરુવનંતપુરમને એક આધુનિક અને વિકસિત શહેરમાં બદલવાનું છે. કેરળમાં આગામી છ મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. અત્યાર સુધી ભાજપને કેરળમાં મોટી સફળતા મળી નથી(૨૦૧૬માં માત્ર ૧ બેઠક અને ૨૦૨૪માં ૧ લોકસભા બેઠક). આવી સ્થિતિમાં, રાજધાનીના મેયર પદ પર ભાજપનો વિજય એ સંકેત આપે છે કે રાજ્યની શહેરી જનતા હવે પરિવર્તન ઈચ્છી રહી છે. આ જીત વિધાનસભા ચૂંટણીમાં ભાજપના કાર્યકરો માટે બુસ્ટર ડોઝ સમાન સાબિત થશે. રાજેશનું મેયર બનવું કેરળની શહેરી રાજનીતિમાં ભાજપ માટે એક નવા અધ્યાયનો સંકેત છે. કેરળની રાજધાનીમાં ભાજપની આ જીતે શહેરના કોર્પોરેશન પર સીપીઆઈએમના ૪૫ વર્ષના નિયંત્રણને સમાપ્ત કરી દીધું છે. સમારોહ બાદ કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે પત્રકારોને કહ્યુ કે, સીપીઆઈએમએ કોંગ્રેસના અપ્રત્યક્ષ કે પડદા પાછળના સમર્થનથી તિરૂવનંતપુરમને બરબાદ કરી દીધું છે.

### પોલીસની કાર્યવાહીમાં ચોંકાવનારો ખુલાસો

# નકલી નોટ બનાવવા માટે યુટ્યુબ પરથી મેળવી તાલીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
જયપુર,

જે યુટ્યુબનો ઉપયોગ આપણે માહિતી મેળવવા માટે કરીએ છીએ, તેનો ઉપયોગ હવે નકલી નોટો છાપવા માટે થઈ રહ્યો છે..શું તમને આ વાત ખબર છે?...જી હાં, સાવધાન થઈ જજો, કારણ કે જેમ જેમ આખી દુનિયા ડિજિટલ હરણફાળ ભરી રહી છે તેમ તેમ ગુનેગારો પણ હાઈટેક બની ગયા છે. જયપુર પોલીસે એક એવા રેકેટનો પર્દાફાશ કર્યો છે જેણે માત્ર પોલીસ જ નહીં પણ દેશની સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે.,,શું છે આ આખું રેકેટ, કેવી રીતે આ રેકેટનો પર્દાફાશ થયો.

જયપુર પોલીસે નકલી નોટોના એક એવા રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેના તાર છેક કાશ્મીર સુધી જોડાયેલા છે. આ ગેંગે માત્ર નકલી નોટો છાપી જ નથી, પણ તેને રાજસ્થાન, ગુજરાત અને પંજાબ જેવા રાજ્યોમાં સપ્લાય પણ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, આ ગુનેગારોએ નકલી નોટ બનાવવાની રીત યુટ્યુબ પરથી શીખી હતી અને ઘરને જ નોટ છાપવાની ફેક્ટરી બનાવી દીધી હતી. આ આરોપીઓ રાતના સમયે આ નકલી નોટો બજારમાં ચલાવતા હતા જેથી અંધારામાં કોઈ પકડી ન શકે. નવાઈની વાત એ છે કે આ ટોળકી ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નકલી નોટો વેચવા માટે જાહેરાતો પણ આપતી હતી.

આ આરોપીઓની મોડસ જાણીને તમે ચોંકી ઉઠશો. આરોપીઓ BCA (બેચરલ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન) ભણેલા BCA ભણેલા ગુનેગારો

સારા ક્વોલિટીના બોન્ડ પેપરનો અને ફોટોશોપ સોફ્ટવેરનો ઉપયોગ

અસલી જેવી જ દેખાતી નકલી નોટો તૈયાર કરી નોટમાં સિક્યુરિટી થ્રેડ બતાવવા માટે તેઓ પાવડર વાળી ઈંક અને ફોઈલ પેપરનો ઉપયોગ કરતા હતા, જેથી સામાન્ય માણસ છેતરાઈ જાય.

ઉલ્લેખનીય છે કે જયપુરના ચિત્રકૂટ વિસ્તારમાં થોડા દિવસો પહેલા પોલીસે ૬.૫૧ લાખની નકલી નોટો સાથે બે આરોપીઓની ધરપકડ કરી હતી પરંતુ જ્યારે આ કેસમાં તપાસ આગળ વધી અને માસ્ટરમાઈન્ડ સહારનપુરથી ઝડપાયો, ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ ગેંગ અત્યાર સુધીમાં બજારમાં ૧૨ લાખથી વધુની નકલી નોટો વટાવી ચૂકી છે. કાશ્મીર સુધી આ નોટો પહોંચવી તે સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો વિષય છે. આ નરાધમો ૧ લાખની અસલી નોટોના બદલામાં ૩ લાખની નકલી નોટો સપ્લાય કરતા હતા. હાલ તો પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે અને લોકોને અપીલ કરી છે કે ચલણી નોટ યોગ્ય રીતે ચેક કરીને જ સ્વીકારવી જોઈએ.

## એક પુલ દેશમાં એવો પણ છે જેમાં એક પણ નટ-બોલ્ટ કે રિવેટ્સનો ઉપયોગ થયો નથી

દીસપુર,

દેશભરમાં રસ્તાઓ ફૂલ સ્પીડથી બની રહ્યા છે. ભારત સરકારની કોશિશ છે કે પહાડ-પથ્થર, ગામ ચારેબાજુ પાક્કા રસ્તા બને જેથી કરીને લોકોને અવરજવર કરવામાં સુગમતા રહે.

આ સાથે નદીઓ કે નહેરો પાર કરવા માટે પુલ પણ બનાવવામાં આવી રહ્યા છે. દેશભરમાં આ રીતે પુલનું પણ નિર્માણ થઈ રહ્યું છે. આધુનિક ટેક્નોલોજીથી લેસ આ પુલો અવરજવર માટે ખુબ સુવિધાજનક રહે છે. તમે ઘણીવાર દેશના સૌથી લાંબા કે મોટા પુલ વિશે સાંભળ્યું હશે પરંતુ શું ક્યારેય સાંભળ્યું છે કે એક પુલ દેશમાં એવો પણ છે જેમાં એક પણ નટ-બોલ્ટ કે રિવેટ્સનો ઉપયોગ થયો નથી. ખાસ જાણો તેના વિશે.

તમે જોયું હશે કે પુલો બનાવવા માટે નટ બોલ્ટનો ઉપયોગ થતો હોય છે. જો કે એક પુલ એવો પણ છે જેમાં તેનો ઉપયોગ થયો નથી પરંતુ આમ છતાં તે ખુબ શક્તિશાળી પુલ છે. આ પુલ પર ટેંક કે ફાઈટર વિમાનો પણ ઉતારી શકાય છે. આ પુલ ભારતના અસમ રાજ્યમાં છે જેને બોગીબીલ પુલના નામે ઓળખવામાં આવે છે. તેમાં નટ બોલ્ટ ઉપરાંત રિવેટ્સનો પણ ઉપયોગ થયો નથી. આ પુલ કઈ ટેક્નિકથી બનાવવામાં આવ્યો છે તે જાણો છો ખરા?

લગભગ પુલોને નટ બોલ્ટ દ્વારા જોડવામાં આવે છે. જો કે આ પુલને સંપૂર્ણ રીતે વેલ્ડિંગ દ્વારા જોડવામાં આવ્યો છે. આ પુલને જોડવા માટે સ્વીડિશ ટેક્નોલોજીની મદદ લેવાઈ છે. તેને બનાવવા માટે ઈટાલીથી હેવી મશીન મંગાવવામાં આવ્યા હતા. જેના દ્વારા પુલનું વેલ્ડિંગ કરાયું હતું. આ પુલ સિસ્મિક ઝોન પમાં આવે છે. એવું કહેવાય છે કે જ્યારે પણ ભૂકંપ કે કોઈ ચીજનું દબાણ આવે તો નટ બોલ્ટથી બનેલો પુલ તૂટી શકે છે. જો કે વેલ્ડિંગ ટેક્નોલોજીથી બનેલા પુલમાં લચીલાપણું હોય છે અને તેના તૂટવાનું જોખમ ઓછું રહેલું છે.

મીડિયા રિપોર્ટ મુજબ આ પુલની ઉંમર લગભગ ૧૨૦ વર્ષ છે. મજબૂતી એટલી બધી છે કે સેનાના ફાઈટર વિમાનો પણ અહીં ઉતારી શકાય છે. આ પુલના નીચેના ભાગમાં રેલવે ટ્રેક છે. જ્યારે ઉપરના ભાગમાં રસ્તો છે. આ પુલમાં એલ્યુમિનિયમ સ્પ્રે કરાયું છે જેના કારણે તેમાં કાટ લાગતો નથી.

# રાજસ્થાનમાં સાત વર્ષમાં ગેરકાયદે ખનન મુદ્દે ૭,૦૦૦થી વધુ FIR

જયપુર,

રાજસ્થાનમાં છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનન, પરિવહન અને સંગ્રહના ગુના હેઠળ કુલ ૭,૧૭૩ FIR નોંધાઈ છે. ચોંકાવનારી વિગત એ છે કે, એકલા અરવલ્લી પટ્ટાના જિલ્લામાં જ ૪,૧૮૧ પોલીસ કેસ થયા છે. સમગ્ર રાજસ્થાનની વાત કરીએ તો છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનનની નાની-મોટી ૭૧,૩૨૨ ઘટના સામે આવી છે, જેમાં પોલીસ કેસની સાથે દંડ ભર્યો હોય એવા કિસ્સા પણ સામેલ છે. આ પ્રકારના કેસની વાત કરીએ તો અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં કુલ ૪૦,૧૭૫ કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના ૨૦ જિલ્લા અરવલ્લીની શ્રેણીમાં આવે છે.

જો કે, કોંગ્રેસના પાંચ વર્ષ અને ભાજપના બે વર્ષના શાસનના વિવિધ ઘટનાઓ અને પોલીસ ફરિયાદના આંકડામાં પણ મોટો તફાવત છે. આ અંગે વાત કરતા ત્રણ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ભાજપ નેતા અને પ્રવક્તા રામલાલ શર્માએ જણાવ્યું હતું કે, 'રાજસ્થાન સરકાર અરવલ્લીનો એક-એક પથ્થર સુરક્ષિત રાખવા કટિબદ્ધ છે. છેલ્લા બે વર્ષમાં અમારી સરકારે ખનન માફિયા સામે કડક કાર્યવાહી કરી છે.'

સરકારી આંકડા મુજબ, ૧૫ ડિસેમ્બર ૨૦૧૮થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન કોંગ્રેસના શાસનમાં અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં ગેરકાયદે ખનનની ૨૯,૨૦૯ ઘટનાઓ બની હતી. તેની સામે ભાજપના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સરકારના પ્રથમ બે વર્ષમાં એટલે કે ૧૩ ડિસેમ્બર ૨૦૨૩થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં આ સંખ્યા ૧૦,૯૬૬ છે.

રાજસ્થાન વિભાગના ખાણ અને પેટ્રોલિયમ વિભાગના અગ્ર સચિવ ટી. રવિકાંતે કહ્યું કે, કોઈ પણ ઘટના અને FIR વચ્ચે મોટો તફાવત છે. જ્યારે વિભાગ પોતે નોટિસ આપીને દંડ વસૂલે છે, ત્યારે તે ઘટના ગણાય છે પરંતુ કોઈ હુમલો કે ચોરી જેવી ગંભીર ઘટના બને ત્યારે જ પોલીસ ફરિયાદ દાખલ કરાય છે. આ કારણે જ કુલ ઘટનાઓની તુલનામાં FIRની સંખ્યા ઓછી છે.'

અહીં એ નોંધવુ પણ જરૂરી છે કે, રાજસ્થાન વિધાનસભામાં વિપક્ષના નેતા ટીકા રામ જુલીના પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યું હતું કે, 'વર્ષ ૨૦૨૪માં જ ખાણ માફિયા દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓ પર ૯૩ વખત હુમલા કરાયા હતા, જેમાં ૩૧૧ કર્મચારી નિશાન બન્યા હતા.'

રાજસ્થાનમાં ગેરકાયદે ખનન માફિયાઓ વિરુદ્ધ તંત્રની લાલ આંખ જોવા મળી છે, જેના પરિણામે છેલ્લા સાત વર્ષમાં કુલ રૂ. ૬૩૭.૧૬ કરોડનો માતબર દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન માત્ર અરવલ્લી પટ્ટાના જિલ્લાઓમાંથી રૂ. ૨૩૧.૭૫ કરોડનો દંડ વસૂલાયો હતો, જ્યારે વર્તમાન ભાજપ શાસનમાં અત્યાર સુધીમાં રૂ. ૧૩૬.૭૮ કરોડની દંડકીય વસૂલાત કરવામાં આવી છે.

### અમેરિકન દૂતાવાસે કહ્યું

# અમે તમને પાક્કું અમેરિકાના વિઝા અપાવી દઈશું કહેનારા એજન્ટોથી બચીને રહેજો!

વોશિંગ્ટન,

ભારતમાં અમેરિકી વિઝા મેળવવાની આશા રાખતા અનેક લોકોને છેતરપિંડીનો શિકાર બનાવવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ભારતમાં આવેલા અમેરિકી દૂતાવાસે તાજેતરમાં આ અંગે મહત્વની ચેતવણી જાહેર કરી છે. દૂતાવાસના અધિકારીઓએ જણાવ્યું કે, વિઝા પ્રક્રિયામાં વિલંબને કારણે ઘણા લોકો ખોટા મેસેજ, કોલ અને એજન્ટ્સની જાળમાં ફસાઈ રહ્યા છે. આવા સ્કેમ્સમાં ×ગેરંટી સાથે વિઝા× કે ×ઝડપી એપ્રુવલ× જેવા વાયદા આપીને લોકો પાસેથી પૈસા પડાવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ૐ-૧૪ વિઝા અરજદારો આનો શિકાર બની રહ્યા છે, જેમને લાંબા વિલંબનો સામનો કરવો પડે છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર અમેરિકી દૂતાવાસે એક પોસ્ટમાં કહ્યું કે, ×શું તમને ક્યારેય ગેરંટેડ વિઝા કે વિઝાની ઝડપથી મંજૂરી અપાવવાની ઓફર મળી છે? વિઝા સ્કેમ્સ તમે વિચારો તેના કરતાં વધુ સામાન્ય છે અને તે તમારા પૈસા, સમય અને મુસાફરીના પ્લાનને બરબાદ કરી શકે છે.× દૂતાવાસે અરજદારોને સાવચેતી રાખવા અને માત્ર અધિકૃત પ્રક્રિયા (ઓફિસિયલ પ્રોસેસ)નો ઉપયોગ કરવા અપીલ કરી છે. દૂતાવાસે સ્પષ્ટ કર્યું કે, અમેરિકી વિઝા મેળવવાનો એકમાત્ર વિશ્વસનીય માર્ગ દૂતાવાસ અથવા કોન્સ્યુલેટ મારફતે જ છે.

વિઝા અપોઈન્ટમેન્ટ બુક કરવા માટેની સત્તાવાર વેબસાઈટ માત્ર **www.ustraveldocs.com** છે. જો કોઈ વ્યક્તિ કે એજન્ટ આ પ્રક્રિયા બહાર વિઝા અપાવવાનો વાયદો આપે તો તે ચોક્કસપણે છેતરપિંડી (સ્કેમ) છે. દૂતાવાસે વિઝા એજન્ટ્સ અને ટ્રાવેલ એજન્સીને લઈને પણ ચેતવણી આપી છે. કોઈ પણ એજન્ટ અમેરિકી વિઝાની ગેરંટી આપી શકતો નથી. ઘણા એજન્ટ્સ ખોટા વાયદા આપીને મોટી રકમ વસૂલે છે અને ખોટી માહિતી આપે છે. વિઝા અરજી માટે માત્ર અધિકૃત ફી જ ચૂકવવી જોઈએ, તેના સિવાય કોઈ વધારાની ચુકવણી જરૂરી નથી.

અરજદારોને ખોટી અથવા ભ્રામક માહિતીથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. અમેરિકી દૂતાવાસે કહ્યું કે, સાચી અને અપડેટ માહિતી માટે માત્ર અમેરિકી સ્ટેટ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ **travel.state.gov** અથવા યુએસ એમ્બેસી ઈન્ડિયાની વિઝા વેબસાઈટ **in.usembassy.gov/visas** પર જ વિશ્વાસ રાખવો જોઈએ. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ભારતીય અરજદારો H-1B વિઝા માટે ભારે વિલંબનો સામનો કરી રહ્યા છે. ૧૫ ડિસેમ્બર પછીની અનેક ઈન્ટરવ્યુની તારીખો રદ થઈ છે અથવા આગળ ધપાવાઈ છે.

ટ્રમ્પ પ્રશાસન દ્વારા H-1B વિઝાની લોટરી સિસ્ટમને બદલીને નવી ×વેઈટેડ સિસ્ટમ× અમલમાં મૂકવામાં આવી છે. આ સિસ્ટમમાં વધુ કુશળ અને ઊંચા પગારવાળા ઉમેદવારોને પ્રાથમિકતા મળે છે. પરિણામે, એન્ટ્રી લેવલના કર્મચારીઓ – જેમાં મોટા પ્રમાણમાં ભારતીયોનો સમાવેશ થાય છે – માટે વિઝા મેળવવું વધુ મુશ્કેલ બની રહ્યું છે. આ વિલંબને કારણે ઠગોને તક મળી રહી છે, તેથી અરજદારોએ હંમેશા સત્તાવાર સ્ત્રોતો પર જ વિશ્વાસ રાખવો જોઈએ અને કોઈપણ શંકાસ્પદ ઓફરથી દૂર રહેવું જોઈએ.

# ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ બેંગલુરુ નજીક આવેલા દેવનહલ્લી ખાતે સ્થાપિત અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું



ખાતર ક્ષેત્રની ભારતની અગ્રણી સહકારી સંસ્થા ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) દ્વારા કર્ણાટકના બેંગલુરુ નજીક દેવનહલ્લીમાં સ્થાપિત અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્લાન્ટનું ઉદ્ઘાટન **IFFCO** અને **NCUI**ના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન પ્રસંગે શ્રી સંઘાણીએ પ્લાન્ટનું વિગતવાર નિરીક્ષણ કર્યું અને નાનો ખાતરના ઉત્પાદન, ગુણવત્તા ધોરણો તથા તકનિકી ક્ષમતાઓ અંગે માહિતી મેળવી. આ પ્રસંગે શ્રી સંઘાણીએ જણાવ્યું હતું કે, ‘‘આ પ્લાન્ટ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના ‘સહકારથી સમૃદ્ધિ’ સંકલ્પ ને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.’’

૧૨ એકર વિસ્તારમાં ફેલાયેલો આ અદ્યતન નાનો પ્લાન્ટ પ્રતિદિન ૨ લાખ બોટલ નેનો યુરિયા પ્લસના ઉત્પાદન માટે સક્ષમ છે. દીર્ઘકાળીન દ્રષ્ટિએ આ પ્લાન્ટ દક્ષિણ ભારતમાં પરંપરાગત યુરિયા પરની નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટાડશે, આયાત ખર્ચમાં ઘટાડો કરશે અને ખેડૂતો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે. દેવનહલ્લીમાં સ્થાપિત આ અદ્યતન પ્લાન્ટ અડીનુક વિજ્ઞાન નું પ્રતીક છે, જ્યાં નવીનતમ ટેક્નોલોજી અને પ્રગતિશીલ સુવિધાઓનો ઉપયોગ કરીને ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે. ઉદ્ઘાટન અને પ્લાન્ટ નિરીક્ષણ બાદ શ્રી સંઘાણીએ પ્લાન્ટના અધિકારીઓ અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કર્યો. આ દરમિયાન તેમણે નેનો ખાતરના મહત્વ, તેની ભૂમિકા અને ભારતમાં કૃષિના ભવિષ્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા તેમજ નવીનતા આધારિત સહકારી વ્યૂહરચનાઓને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું.

**IFFCO**ના ઉપાધ્યક્ષ બલવીર સિંહ, પૂર્વ ચેરમેન કે શ્રીનિવાસન ગૌડા, મેનેજિંગ ડિરેક્ટર કે જે પટેલ, પ્રહલાદસિંહ, વિજય શંકર રાય, વિવેક કોહલે, સુબ્રજીત પાધી, મારા ગંગા રેડ્ડી, વાલ્મિકી ત્રિપાઠી, જગદીપ સિંહ નક્કઈ, જયેશ રાદડિયા, ઉમેશ ત્રિપાઠી, ભાવેશ રાદડિયા, યુનિટ હેડ સંજય કુલશ્રેષ્ઠ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ગઠિયાએ ટ્રકના એડવાન્સ પેટે ૧.૨૦ લાખનો ચૂનો ચોપડ્યો

અમદાવાદ,

શહેરના દાણીલીમડામાં સ્ક્રેપના વેપારીને અજાણ્યા નંબર પરથી આવેલા ફોનકોલ દ્વારા સાયબર ઠગાઈનો શિકાર બનાવવામાં આવ્યો છે. ૧૦ વ્હીલની ટ્રક વેચવાના બહાને ફોટા મોકલી વડોદરાના ઠગોએ એડવાન્સ પેમેન્ટ પેટે રૂ. ૧.૨૦ લાખ ખંખેરી લીધા હતા અને બાદમાં મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. આ અંગે પીડિત વેપારીએ સાયબર હેલ્પલાઈનમાં જાણ કરીને દાણીલીમડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.દાણીલીમડામાં રહેતા ૫૨ વર્ષીય આમીનભાઈ સ્ક્રેપના વ્યવસાય સાથે સાથે જૂની ફોર વ્હીલર તેમજ હેવી વેહિકલની લે–વેચનો ધંધો પણ કરે છે. ગત તા. ૧૫ ઓક્ટોબરના રોજ સવારે આમીનભાઈ પોતાની દુકાને હાજર હતા, તે દરમિયાન અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે બરોડાથી હૈદરભાઈ બોલું છું અને તમારો નંબર મુસ્તાકભાઈએ આપ્યો છે તેમ કહી જણાવ્યું હતું કે તેમની પાસે ૧૦ વ્હીલની મહેન્દ્રા કંપનીની ટ્રક છે, જે સ્ક્રેપમાં આપવાની છે.મુસ્તાકભાઈનું નામ અને કામકાજ કબાડી માર્કેટમાં વિશ્વસનીય હોવાથી આમીનભાઈને વિશ્વાસ બેઠો હતો. આથી તેમણે ટ્રક લેવાની તૈયારી દર્શાવી હતી. દરમિયાન વચેટિયા હૈદરભાઈએ જણાવ્યું હતું કે સોદો ફાઈનલ થયા બાદ દલાલી પેટે રૂ. ૫ હજાર આપવાના રહેશે, જેને આમીનભાઈએ સહમતિ આપી હતી. બાદમાં દલાલે મુખ્ય પાર્ટી તમારો સંપર્ક કરશે તેમ કહી ફોન કાપી નાખ્યો હતો.બીજા દિવસે એટલે કે ૧૬ ઓક્ટોબરે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને ફોન કરનારે પોતે અશોકભાઈ હોવાનું કહી દલાલ હૈદરભાઈએ તમારો નંબર આપ્યો છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ટ્રકની લે–વેચ અંગે વાતચીત કરીને ટ્રકના ફોટા વોટ્સએપ મારફતે મોકલવામાં આવ્યા હતા. ફોટા જોતા આમીનભાઈને ટ્રક પસંદ આવી હતી અને રૂ. ૩.૨૦ લાખમાં સોદો નક્કી થયો હતો. પરંતુ ટ્રક વેચનાર ગઠિયાએ શરૂઆતમાં રૂ. ૧.૨૦ લાખ એડવાન્સ માંગ્યા હતા અને ટ્રક લેવા આવો ત્યારે બાકી રકમ આપવાનું જણાવ્યું હતું. અંતે સોદો નક્કી થતા આમીનભાઈએ ઠગોએ આપેલા અલગ–અલગ સ્કેનર મારફતે ટુકડે–ટુકડે કરીને કુલ રૂ. ૧.૨૦ લાખ મોકલી આપ્યા હતા.આ પછી બીજા દિવસે ટ્રક લેવા માટે આમીનભાઈએ ક્રેન વડોદરાના અજવા ચોકડી ખાતે મોકલી હતી અને ડ્રાઈવરને ત્યાં પહોંચીને અશોકભાઈને ફોન કરવાનું જણાવ્યું હતું. ડ્રાઈવર ત્યાં પહોંચી અશોકભાઈને ફોન કરતા ફોન બંધ આવતો હતો. આ વાતની જાણ થતાં આમીનભાઈએ પણ અશોકભાઈને ફોન કર્યો, પરંતુ ફોન સ્વીચ ઓફ આવતો હતો.

ત્યારબાદ દલાલ હૈદરભાઈને ફોન કરતા તેનો પણ ફોન સ્વીચ ઓફ આવતો હોવાનું જાણવા મળ્યું હતું. અંતે વેપારીએ જેના સ્કેનરમાં કેટલાક રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા તેવા પુષ્કર શાહુને ફોન કરતા જાણવા મળ્યું હતું કે ઠગ અશોકભાઈએ પુષ્કર શાહુનું બેન્ક એકાઉન્ટ ભાડે લીધું હતું.

# ભિલાડના સરીગામમાં ગૌવંશની હત્યા કરાતા લોકોમાં ભારે રોષ

ભિલાડ,

ભિલાડ નજીકના સરીગામ ખાતે રોહિતવાસમાં ગઈકાલે બુધવારે રાત્રે એક અબોલ ગાયની હત્યા કરાતા યુવાનો દોડી ગયા બાદ પોલીસ પહોંચી એક આરોપીને પકડી પાડયો હતો. જયારે એક આરોપી ભાગી ગયો હતો. ઘટના સ્થળેથી છરા અને ગાય મૃત હાલતમાં મળી આવી હતી. આરોપીઓએ ગૌમાંસના વેચાણ માટે અબોલ ગાયની હત્યા કરી હતી. આ ઘટનાને પગલે જીવદયાપ્રેમીઓમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ગુરૂવારે સરીગામ પંચાયત કચેરી ખાતે મળેલી બેઠકમાં લોકોએ ઘટનાને વખોડી ગેરકાયદે કતલખાના બંધ કરાવવા અને ગૌવંશની હત્યા કરનારાઓ માટે ફાંસીની સજાનો કાયદો બનાવવા માંગ કરાઈ હતી. ભિલાડ નજીકના સરીગામ ગામે રોહિતવાસમાં ગુરૂવારે મળસ્કે ખુલ્લી જગ્યામાં ગાયની કતલ કરાતી હોવાની માહિતીના આધારે કેટલાક યુવાનોએ વોચ ગોઠવી હતી. બે શખ્સો ગઈકાલે બુધવારે સાંજે ખુલ્લી જગ્યામાં ગાયને બાંધી ગયા હતા. રાત્રે બંને શખ્સો ઘટના સ્થળે પહોંચી ગાયનું ગળુ કાપી હત્યા કરી હતી. જેને લઈ યુવાનો દોડી ગયા હતા. બાદમાં ભિલાડ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા બાદ બે પૈકી એક આરોપી સદામ સાહબુદ્દીન ખાન (રહે. રોહિતવાસ, સરીગામ) ભાગી ગયો હતો. જયારે અન્ય આરોપી મુસ્તકીન ઉર્ફે બાબુ ઈસ્લામ ખાન (રહે. રોહિતવાસ, સરીગામ)ને પકડી પાડયો હતો. પોલીસે ગૌહત્યાનો ગુનો નોંધી આગળની વધુ તપાસ આદરી છે. આ ઘટનાને પગલે જીવદયાપ્રેમી સહિત લોકોમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી. આરોપી દ્વારા ગૌમાંસના જથ્થાનું વેચાણ કરવા ગાયની કતલ કરી હતી. મૃત અબોલ પશુની અંતિમવિધી પૂર્ણ કરાઈ હતી. સરીગામમાં બનેલી ઘટનાને પગલે આજે ગુરૂવારે સરીગામ ગ્રામ પંચાયત ખાતે બેઠક મળી હતી. જેમાં પંચાયતના સરપંચ સહદેવ વાઘાત, ધારાસભ્ય રમણ પાટકર, પોલીસ અધિકારી, આગેવાનો, વેપારી સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત લોકોએ ગૌહત્યાની ઘટનાને વખોડી કાઢી ભારે વિરોધ સાથે આક્રોશ ઠાલવ્યો હતો. વેપારીઓએ સરીગામ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના અને ચીકનશોપ બંધ કરાવવા પોલીસ અધિકારીને જણાવ્યું હતું. સામાજિક કાર્યકર રાકેશ રાયે ગૌવંશની હત્યા કરનારાઓ માટે ફાંસીની સજાનો કાયદો બનાવવા માંગ કરી હતી.

## ઠાકોર સમાજે સમાજમાં વ્યાપેલા કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે કમર કસી

બનાસકાંઠા,

બનાસકાંઠાના પાલનપુરમાં આજે ઠાકોર સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ જેમાં સમાજના બંધારણને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય કેશાજી ચૌહાણ સહિત ઠાકોર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ઠાકોર સમાજ દ્વારા સમાજના બંધારણને લઈને અનેક બેઠકો યોજવામાં આવી રહી છે. સમાજમાં ચાલતા કુરિવાજો અંધશ્રદ્ધા તેમજ વ્યસન મુક્તિ થાય તે માટે સમાજ ના આગેવાનો નેતાઓ દ્વારા અલગ અલગ તાલુકાઓમાં બેઠકો યોજી ને ચર્ચા વિચારણાઓ શરૂ કરવામાં આવી છે.

# ક્રાઈમ બ્રાન્ચના ૭૭ વર્ષીય નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર પર ચાલુ ટ્રેને હુમલો

રાજકોટ,

૭૭ વર્ષીય નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર સાથે ચાલુ ટ્રેનમાં લૂંટ અને મારામારીની ચોંકાવનારી ઘટના બની હોવાનું હાલ સામે આવ્યું છે. લૂંટ કરનારા વ્યક્તિએ નિવૃત્ત **PI** ઉપર હુમલો કરતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા, જેથી તેમને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે સમગ્ર મામલે લૂંટ તેમજ પી.આઈ ઉપર હુમલો કરનારા આરોપીને ગણતરીની કલાકોમાં રાજકોટ રેલવે પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે.આ બાબતે વિગતવાર વાત કરીએ તો, ધર્મેન્દ્રસિંહ જાડેજા નામના નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટરે હાલ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશન ખાતે એક ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં ધર્મેન્દ્રસિંહ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તેઓ જામનગર શહેર ખાતે તેજપ્રકાશ સોસાયટી ખાતે રહે છે તેમજ નિવૃત્ત જીવન ગાળે છે. ૨૪ ડિસેમ્બરના રોજ તેઓ જામનગરથી અમદાવાદ કોર્ટ મુદત અર્થે આવી રહ્યા હતા, ત્યારે તેમના પર હુમલો અને લૂંટની ઘટના બની હતી.

પોલીસ ફરિયાદ મુજબ, ધર્મેન્દ્રસિંહ જાડેજા ૨૪ ડિસેમ્બરે સવારના વાગ્યે જામનગર રેલવે સ્ટેશનથી અમદાવાદ રેલવે સ્ટેશન સુધી જતી ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર વડોદરા ઈન્ટરસિટી ટ્રેનમાં પાછળ જનરલ ડબ્બામાં બેસીને મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે સવારના ૫:૦૫ વાગ્યાની આસપાસ ટ્રેન હાપા રેલવે સ્ટેશનથી રવાના થઈ હતી. દરમિયાન એક અજાણ્યો વ્યક્તિ (પાછળથી ઓળખ નિશાદસિંગ પંજાબવાળા) તેમની પાસે આવીને ‘મારે મોબાઈલ ફોન પર વાતચીત કરવી છે‘ તેમ કહી નિવૃત્ત **PI** ધર્મેન્દ્રસિંહ પાસેથી મોબાઈલ ફોનની માંગણી કરી હતી.

બાદમાં ધર્મેન્દ્રસિંહે તેને બીજાનો ફોન મેળવી લેવાનો કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળ આપીને ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ ઝપાઝપી દરમિયાન નિશાદસિંગે ધર્મેન્દ્રસિંહના હાથમાં રહેલા બે ફોન આંચકી લીધા હતા અને તેમને પાટું મારીને નીચે પાડી દીધા હતા, બાદમાં ફાયરનો નાનો બાટલો ઉપાડી નિશાદસિંગે ધર્મેન્દ્રસિંહના માથાના કપાળના ભાગે માર્યો હતો. દરમિયાન ચાલુ ટ્રેનના બીજા મુસાફરો સમગ્ર મામલો જોઈ જતા તેઓ દેકારો કરવા લાગ્યા હતા. જેથી સમગ્ર મામલાની જાણ રેલવે પોલીસને થતા તાત્કાલિક અસરથી હુમલાખોર નિશાદસિંગ પંજાબવાળાને ગણતરીની કલાકોમાં ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ મામલે પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, હુમલાખોર નિશાદસિંગ જામનગર પાસે આવેલા કાનાલુસ ખાતે કામકાજ અર્થે આવ્યો હતો, પરંતુ કામકાજ ન મળતા તે પોતાના વતન પરત ફરી રહ્યો હતો. જોકે પોલીસે નિવૃત્ત **PI**ની ફરિયાદને આધારે **BNS**ની કલમ ૩૦૯, ૧૧૮, ૩૫૨ સહિતની કલમ અંતર્ગત હુમલાખોર નિશાદસિંગ વિરુદ્ધ ગુનો નોંધી લૂંટાયેલા બંને મોબાઈલ ફોન રિકવર કરવામાં આવ્યા છે. સાથે જ ફરિયાદી ધર્મેન્દ્રસિંહ અગાઉ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે પણ ફરજ બજાવી ચૂક્યા હોવાનું તેમજ તેમના પરિવારજનો અમદાવાદ ખાતે રહેતા હોવાનું સામે આવ્યું છે.

# રાતોરાત મતદારો ક્યાં ગાયબ થયા?‘ સાંસદ મુકેશ દલાલનો કમિશ્નર-કલેક્ટરને પત્ર

સુરત,

સુરત સહિત સમગ્ર દેશમાં હાલ મતદાર યાદી શુદ્ધિકરણ એટલે કે **SIR**ની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આ દરમિયાન સુરતના સાંસદ મુકેશ દલાલે મ્યુનિસિપલ કમિશ્નરઅને જિલ્લા કલેક્ટરને એક સ્ફોટક પત્ર લખતાં રાજકીય ગરમાવો આવી ગયો છે.

સાંસદે પત્રમાં આશંકા વ્યક્ત કરી છે કે તપાસ દરમિયાન અનેક મતદારો રાતોરાત ગાયબ થઈ ગયા છે, જે શહેરની સુરક્ષા માટે જોખમરૂપ હોઈ શકે છે.

સાંસદ મુકેશ દલાલે પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં **BLO-1** અને **BLO-2** દ્વારા ઘરે-ઘરે જઈને મતદાર યાદીના શુદ્ધિકરણની કામગીરી કરવામાં આવી રહી છે.

આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ એવા લોકોના નામ યાદીમાંથી દૂર કરવાનો છે જેઓ ભારતના નાગરિક નથી અને ગેરકાયદેસર રીતે મતદાર તરીકે નોંધાયેલા છે.

પત્રમાં સોશિયલ મીડિયા અને મીડિયા અહેવાલોનો હવાલો આપીને ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. સાંસદે લખ્યું છે કે જ્યારે **BLO** ની ટીમ સુરતના કેટલાક ‘કુખ્યાત‘ ગણાતા વિસ્તારોમાં નોંધણી માટે ગઈ, ત્યારે મોટી સંખ્યામાં લોકો ઘરોને તાળા મારીને ગાયબ થઈ ગયા હતા.

જો આ મતદારો સાચા અને કાયદેસરના નાગરિક હોય, તો તપાસના ડરથી ભાગવાની જરૂર કેમ પડી? રાતોરાત આટલી મોટી સંખ્યામાં લોકો ક્યાં અદૃશ્ય થઈ ગયા? શું તેઓ હવામાં ઓગળી ગયા?

મુકેશ દલાલે પત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, આ રીતે લોકોનું ગાયબ થવું એ સુરત શહેરની શાંતિ, સલામતી અને અસ્મિતા માટે જોખમકારક છે. તેઓએ વહીવટી તંત્ર પાસે માંગ કરી છે કે આ ગાયબ થયેલા લોકોને શોધી કાઢવા માટે તમામ શક્તિ લગાડવી જોઈએ.

આ લોકો કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ અને તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

**SIR** ની કામગીરીમાં નામ કમી થવાને લીધે પહેલાથી જ હોબાળો મચેલો હતો, ત્યારે હવે સાંસદના આ પત્રએ તેને નવો વળાંક આપ્યો છે. હાલમાં આ પત્ર સુરતની જનતા અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# સૂર્ય-મંગળની યુતિ તથા ૨૦૨૬ની શરૂઆત કેવી?

**Yoggi Astrology**નાં અંકમાં આપ સૌનું સ્વાગત છે. મારા આગળના અંક પ્રમાણે બાંગ્લાદેશમાં ચરમસીમા ઉપર વિદ્રોહ જોવા મળી રહ્યો છે. આથી બાંગ્લાદેશમાં આગજની હિંસા જેવી ઘટના ગોચરમાં સૂર્ય-મંગળને કારણે થઈ રહી છે. મંગળની ચોથી દ્રષ્ટિ શની ઉપર અને શનીની દસમી દ્રષ્ટિ સૂર્ય-મંગળ હોવાથી હજુ એવી ઘટના જોવા મળશે જેમાં વિમાન દુર્ઘટના, આતંકવાદી ઘટના (આથી ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં) પાણી ઉપર આગ, ગન ઘટના, પાણીમાં જ્વાલામુખી ફાટવાથી મોટી સુનામીની ઘટના જોવા મળી રહી છે. જાપાન, રશિયા, અલાસ્કા, ચીન, તાઈવાન વગેરે જગ્યા ઉપર ૭.૮ નો ધરતીકંપ થવાની સંભાવના બને છે. ભારતમાં દિલ્હી તથા હિમાલય એરીયામાં ધરતીકંપ થઈ શકે. મારા પાછલા અંકમાં લખ્યું હતું કે મીડિયા દ્વારા નેતા, હોલીવુડ, બીઝનેસમેન વગેરેનું સેક્સ રેકેટ બહાર પડશે. જે હાલ અમેરિકામાં મીડિયા દ્વારા દરેક વર્ગના લોકો લપેટમાં આવી ગયા છે. ગ્રહો પોતાનું કાર્ય કરતા રહે છે. ત્રણ ગ્રહો અસ્ત તથા ગુરુ, રાહુ વક્રી ગતિમાં હોવાથી મુશ્કેલીનો દોર હજુ વધશે. ૧૪ જાન્યુઆરી સુધી સમય હજુ ઘણો કપરો બને છે. મારા લેખ મુજબ ડિસેમ્બરમાં ચાંદી બે લાખ રૂપિયા પાર કરશે તે વાત સત્ય થઈ છે. ૨૦૨૬ ફેબ્રુઆરી સુધીમાં ચાંદી ૨.૫ લાખ થઈ જશે. હજુ પણ સારો સમય બતાવે છે. સોનું-ચાંદી ઓલ ટાઈમ ઉપર જશે. ત્યારબાદ ૫૦૦ રૂપિયા ડાઉન થશે પરંતુ ૫૦૦ રૂપિયો તો વધ્યાને? આ રીતે સોનામાં તેજી જોવા મળશે. હાલ ઓસ્ટ્રેલિયામાં ગન ઘટના થઈ. ઓસ્ટ્રેલિયાને હલાવી દીધું છે. આથી આવનાર સમય ત્યાં રહેતા ભારતીય નાગરિક માટે કપરો સમય બતાવે છે.

હાલ ગુરુ વક્રી સાથે અતિચારી ચાલી રહ્યો હોવાથી ધર્મ ઉપર ઘણા પ્રોબ્લેમ જોવા મળશે. હાલ હિન્દુ મુસ્લિમ ઉપર બાંગ્લાદેશમાં, બંગાળમાં નવો વિવાદ બાબરી મસ્જિદ ઉપર, ઓસ્ટ્રેલિયામાં ઈઝરાયલ ઉપર હુમલો એવી ઘણી ઘટના વિશ્વમાં જોવા મળી રહી છે. મારા અગાઉ અંકમાં લખ્યું હતું કે ગુરુ જ્યાં સુધી પુનર્વસુ નક્ષત્રમાં રહેશે ત્યાં સુધી **Eastern Region** **Eastern Region** એક્ટિવ રહેશે. તમે જોયું હશે કે **Eastern Region** લગાતાર બેડ ન્યુઝ મળી રહ્યા છે. તેમાં હોંગકોંગમાં ભીષણ આગ, ઈન્ડોનેશિયા, મલેશિયા, શ્રીલંકા, થાઈલેન્ડ વગેરે ભયંકર પાણીથી તબાહી, આ ઉપરાંત કંબોડીયા - થાઈલેન્ડ વચ્ચે યુદ્ધ હાલ છે. **Eastern** એટલે કે ઓસ્ટ્રેલિયામાં આતંક ઘટના, ગોવામાં ભીષણ આગ, **Eastern Region of** બાંગ્લાદેશમાં આગજની ઘટના, વિદ્રોહ જેવી ઘટના આ બધા ઉદાહરણ **Eastern** ભાગ બતાવે છે. હજુ, આ ભાગમાં એવી અવગણી ઘટના જોવા મળશે. શની-રાહુ, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર હોવાથી તથા શની-દ્રષ્ટિ, સૂર્ય-મંગળ, તથા મંગળની દ્રષ્ટિ શની ઉપર આથી ૧૪ જાન્યુઆરી સુધી ટાઈમ ઘણો ખરાબ રહેશે. તેમાં કંઈપણ થઈ શકે છે.

હાલ ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં છે જે મંગળનું નક્ષત્ર છે. આથી ફૈંજ્ઞીહષ્ઠી થતું જોવા મળશે.

હાલ ગુરુ વક્રી ચાલી રહ્યો છે. ગોચરના ગ્રહો મે-જુન સુધી મંગળ અસ્તનો રહેશે અને સાથે સૂર્ય-મંગળ યુતિ ચાલતી રહેશે. આથી ભારતમાં ઘણા રાજ્યોમાં આગજની ઘટના તથા બંગાળમાં પણ ભારે તણાવની સ્થિતી જોવા મળશે. આનું કારણ ૧૪ જાન્યુઆરીએ સૂર્ય-મંગળ મકર રાશીમાં એટલે શનીના ઘરમાં ત્યારબાદ ૧૪ ફેબ્રુઆરીએ સૂર્ય-મંગળ-રાહુ સાથે ત્યારબાદ ૧૪ માર્ચ થી ૧૪ એપ્રિલ સુધી સૂર્ય-મંગળ-શની. આ આવનાર ત્રણ મહિના વિશ્વ માટે ઘણા કઠીન જોવા મળશે. વિદ્રોહ, આગ, આતંકી ઘટના, યુદ્ધ, જ્વાલામુખી, ધરતીકંપ જોઈ વસ્તુ જોવા મળશે.

હવે થોડા દિવસમાં ૨૦૨૫નું વર્ષ પુરું થાય છે. હવે ૨૦૨૬ કેવું રહેશે? પરંતુ વર્ષની શરૂઆતમાં ગોચરમાં ગ્રહો કોઈ સારા નથી. આથી ૧ જાન્યુ ૨૦૨૬ની કુંડલીમાં શું કહે છે.

ભારતમાં દિલ્હીનો સમય મુકીને બનાવી છે. કન્યા લગ્નની કુંડલી બને છે. લગ્નેશ બુધ ચોથા સ્થાનમાં ધનુ રાશીમાં સૂર્ય, મંગળ, શુક્ર સાથે ચતુર્થ ગ્રહી યોગ બતાવે છે. દશમે ગુરુ બુધના ઘરમાં અને બુધ ગુરુના ઘરમાં છે. જ્યારે ચોથા-દસમાનો સંબંધને વિપરીત રાજયોગ બનાવે છે. ભાગ્ય સ્થાનમાં વૃષભનો ઉચ્ચનો ચંદ્ર હોવાથી ભારતમાં ઘણી માનવતા ધાર્મિક કાર્ય થતાં જોવા મળશે. ચોથા સ્થાને મંગળ, શુક્ર હોવાથી મકાન, જમીન, પ્રોપર્ટીના ભાવ આસમાને જતાં જોવા મળશે. આ વાત મારા લેખમાં અગાઉ મંગળની દશામાં લખ્યું હતું કે ૨૦૨૬ ભારતમાં જમીન, જમીનમાંથી ઊપજ વસ્તુનો ભાવ વધશે. સૂર્ય, મંગળ, બુધ હોવાથી ખેતીવાડીમાં નવી ક્રાંતિ ભારતમાં જોવા મળશે. હાલ ભારતનો રૂપિયો તૂટે છે. ૨૦૨૬ પછી ભારતનો રૂપિયો મજબુત બનતો જોવા મળશે. આવનાર સમયમાં ગ્લોબલ માર્કેટમાં ભારત, રશિયા, ચીન નવી કરન્સી થતી જોવા મળશે. આવનાર સમયમાં ગોલ્ડ અને સિલ્વરમાં ઝડપથી તેજી થતી જોવા મળશે. આથી ૨૦૨૬માં તમારી પાસે રૂપિયા હોય તો ગોલ્ડ, સિલ્વર, લેન્ડ, પ્રોપર્ટીમાં રોકાણ કરશો.

ચતુર્થગ્રહી યોગ ધનુ રાશીમાં બને છે. જે અગ્નિ તત્ત્વની રાશી છે. આથી ભારતની બોર્ડર વધારે જલતી જોવા મળશે. ભારતમાં કોઈ ધાર્મિક નેતાના ભાષણથી ભારતમાં કોઈ અનહોની થશે. ભારતમાં આતંકવાદી હુમલાથી કોઈ નેતાનું મૃત્યુ યોગ બને છે. જેથી ધાર્મિક સંપ્રદાથી ભારતમાં ગૃહ યુદ્ધ જેવું માહોલ બનશે. વર્ષની શરૂઆતમાં રાહુ ઉપર દ્રષ્ટિથી ઘણી જગ્યા ઉપર આગના બનાવ બનશે. ભારત તથા વિશ્વમાં જંગલમાં આગ લાગતી જોવા મળશે. અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, એમેઝોન વગેરે જંગલમાં આગથી તાપમાનમાં વધારો થતો જોવા મળશે.

ચોથા સ્થાનમાં ચાર ગ્રહો શનીની દ્રષ્ટિ ગુરુની દ્રષ્ટી એમ છ ગ્રહો એકબીજા સાથે જોડાયેલા હોવાથી આવનાર સમય યોગ્ય નથી. આમ છ ગ્રહો જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ સુધી આ ચાર ગ્રહો સાથે જશે. આથી આવનાર સમયમાં વિશ્વમાં નવા યુદ્ધ, જુના યુદ્ધ સતત વધતાં રહેશે. આ ચાર મહિનામાં યુદ્ધથી ઘણા લોકો મૃત્યુ થતું જોવા મળશે. ચાર ગ્રહોની યુતિથી કુદરતી ઘણી ઘટના જોવા મળશે. ઘણી જગ્યા ઉપર પાણીમાં પ્રદેશ ડૂબતા જોવા મળશે. આવનાર સમયમાં ભારત, ચીન, ઈન્ડોનેશિયા, રશિયા, પાકિસ્તાન, આરબદેશ, આફ્રિકામાં ઘણા દેશો, યુરોપમાં યુક્રેન, ઈટલી, સ્પેન, પોલેન્ડ, ગ્રીસ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરે જગ્યા ઉપર કુદરતી આપત્તિ જોવા મળશે. આ ઉપરાંત યુદ્ધ, ગૃહ યુદ્ધનો યોગ બને છે. આ સમયે કોઈપણ દેશના રાજાએ સાચવવું પડશે. ૨૦૨૬માં રશિયા-યુક્રેન યુદ્ધ તેજી જોવા મળશે. રશિયા સાથે યુરોપના ઘણા દેશો યુદ્ધમાં આવશે. આથી **World War-3** જેવી પરિસ્થિતી ઉત્પન્ન થશે.

ભારત તથા વિશ્વના **Eastern** એરીયા ઘણો એક્ટિવ બને છે. ભારતમાં બિહાર, ઝારખંડ, ઓડિસા, બંગાલમાં સમય સારો નથી. આ બધા રાજ્યો **RiOs, PrOest** તથા રાજકીય ઘટનાઓ બ્રેકિંગ ન્યુઝમાં જોવા મળશે. સાઉથના રાજ્યમાં બીમારી તથા મહામારીથી મૃત્યુ થતું જોવા મળશે. આથી સમયમાં ભારતમાં સારો રહેશે નહીં. ૨૦૨૫ કરતાં ૨૦૨૬ વર્ષ પણ ઘણી તકલીફ વાળું જોવા મળશે. **Yoggi Atsrology** ની મુલાકાત લઈ તમારી જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા મારી **website** : **www.yogiastrology.ca**

**Yoggi Astrology**
**Yogesh Gandhi (M.Sc., B. Ed.)**
**Canada**
**+1-647-286-3734**

"આપ સૌને **Yoggi Astrology ŒhVÚke Merry Christmas** તથા **Happy New Year.**"




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad
& published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

28-12-2025_50 Jan Fariyad_P-2